# આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢ બારીઆ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોયાબીન  રિસર્ચ, ઈન્દોરના સંયુક્ત ઉપક્રમે તેલીબિયા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને ગુણવત્તાસભર બીજ ઉત્પાદન વિષય ઉપર તાલીમ વર્ગ યોજાયો

---

આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢ બારીઆ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોયાબીન  રિસર્ચ, ઈન્દોરના સંયુક્ત ઉપક્રમે નીડબેઝ કન્ટીઝઅન્સી ફોર સોયાબીન રિસર્ચ યોજના અંતર્ગત તારીખ **૧૩/૧૨/૨૦૨૩**ના રોજ **તેલીબિયા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને ગુણવત્તાસભર બીજ ઉત્પાદન** વિષય ઉપર તાલીમ વર્ગ યોજાયો. આ તાલીમવર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત તેમજ દીપ પ્રાગટ્ય થકી કરવામાં આવી.

આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. આર. જી. મછાર** દ્વારા તેલીબિયા પાકોમાં સંકલિત ખાતર વ્યવસ્થાપન, **ડૉ. એન. ડી. પરમાર** દ્વારા તેલીબિયા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી, **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા તેલીબિયા પાકોમાં રોગ-જીવાત નિયંત્રણ, **ડૉ. એ. વાય. માકાણી** દ્વારા તેલીબિયા પાકોમાં ગુણવત્તાસભર બીજ ઉત્પાદન **ડૉ. એચ. કે. દેસાઈ** દ્વારા પ્રાકૃતિક ખતરો બનાવવાંની પધ્ધતી અને તેલીબિયા પાકોમાં કાર્યક્ષમ ઉપયોગ જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં આ યોજના અંતર્ગત તેલીબિયા પાકોમાં રોગ જીવાત નિયંત્રણ માટે નિદર્શન રૂપે ભલામણ મુજબ દવા આપવામાં આવી. આ તાલીમ વર્ગમાં **ધાનપુર** અને **લીમખેડા** તાલુકાનાં **કુલ ૫૦** ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.








(SOYBEAN/GROUNDNUT/OTHER)




આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ